1. માનવ ભૂગોળનો અર્થ સમજાવી, તેનાં અભ્યાસક્ષેત્રોની ચર્ચા કરો.

- પ્રાકૃતિક પર્યાવરણ અને ભૌગોલિક પરિસ્થિતિની માનવજીવન પર થતી અસરોનો અભ્યાસ કરતા ભૂગોળને માનવ ભૂગોળ કહે છે.
- હેટિંગ્ટને માનવ ભૂગોળની વ્યાખ્યા આપતાં કહ્યું છે કે, "ભૌગોલિક પર્યાવરણ તથા માનવીય ક્રિયાઓના પરસ્પર સંબંધોનો અભ્યાસ માનવ ભૂગોળમાં કરવામાં આવે છે." માનવીના ઘર તરીકે પૃથ્વીનો અભ્યાસ એ માનવ ભૂગોળનું પ્રથમ પગથિયું છે. પૃથ્વીસપાટી પર પ્રાપ્ત થતાં પ્રાકૃતિક તત્ત્વો અને સાંસ્કૃતિક તત્ત્વોના આધારે ભૂગોળની બે શાખાઓ વિકસી છે : (1) પ્રાકૃતિક ભૂગોળ અને (2) માનવ ભૂગોળ.
- માનવ ભૂગોળની લાક્ષણિકતાઓ નીચે પ્રમાણે છે :
- માનવ ભૂગોળ એ ગત્યાત્મક વિજ્ઞાન છે.
- પ્રકૃતિ અને માનવ અવિભાજ્ય તત્ત્વો છે.
- બંનેને સમગ્રતાની દષ્ટિએ સમજાવવાનો પ્રયત્ન માનવ ભૂગોળ કરે છે.
- માનવ ભૂગોળમાં માનવીય અને કુદરતી પરિબળોની પરસ્પર થતી અસરોનો અભ્યાસ કરવામાં આવે છે. માનવ ભૂગોળના વિષયવસ્તુમાં સમયની સાથે વૃદ્ધિ અને વિસ્તાર થઈ રહ્યો છે.
- માનવ ભૂગોળ એવાં બધાં જ તત્ત્વોનો અભ્યાસ કરે છે, જે માનવીની ક્રિયાપ્રતિક્રિયા દ્વારા પ્રભાવિત થાય છે. ફિચ, ટેવાથ, રેઝેલ, સેમ્પલ, હંટિંગ્ટન, રિટર, બ્લાશ, ડિફેન વગેરે ભૂગોળવિદો માનવ ભૂગોળના પ્રખર વિદ્વાનો હતા.
- અર્થશાસ્ત્ર, ઇતિહાસ, વસ્તીવિજ્ઞાન, કૃષિવિજ્ઞાન, સમાજશાસ્ત્ર,આંકડાશાસ્ત્ર, રાજ્યશાસ્ત્ર વગેરે વિષયો સાથે માનવ ભૂગોળ અનુબંધ અને સહસંબંધ ધરાવે છે.
- માનવ ભૂગોળનું અભ્યાસક્ષેત્ર : માનવ ભૂગોળ માનવીના ઉદ્યોગધંધા, ખેતી, વ્યાપાર, જીવનપદ્ધતિ, ખોરાક, પોશાક, રહેઠાણ, સંસ્કૃતિ વગેરે પર થતી વિશિષ્ટ ભૌગોલિક પરિસ્થિતિની અસરોનું અધ્યયન કરે છે. માનવીએ પણ પ્રાકૃતિક તત્ત્વોની અસરોમાં નોંધપાત્ર પરિવર્તનો કર્યા છે. માનવીનો પર્યાવરણ સાથેનો સંબંધ એ માનવ ભૂગોળના અભ્યાસનું કેન્દ્ર છે. માનવ ભૂગોળ પરસ્પર સંકળાયેલાં ત્રણ અભ્યાસ કાર્યો કરે છે.

  1. માનવનિર્મિત ઘટનાઓનું સ્થિતિસંબંધી વિશ્લેષણ : અહીં માનવ વસ્તી, તેમની વિશિષ્ટતાઓ, કલા, કૌશલ્યો અને તેમના વિસ્તરણ સંબંધી અભ્યાસ કરવામાં આવે છે.

  2. પારિસ્થિતિક વિશ્લેષણ : અહી કોઈ એક ભૌગોલિક પ્રદેશમાં માનવી અને તેના પર્યાવરણ સાથેના સંબંધોનું વિશ્લેષણ કરવામાં આવે છે.

  3. પ્રાદેશિક સમન્વય : સ્થાનિક અને પારિસ્થિતિક સંબંધોને જોડી તેનો અભ્યાસ કરવામાં આવે છે. માનવીના સાંસ્કૃતિક વિકાસના આધારે બ્રુન્સ અને હેટિંગ્ટને માનવ ભૂગોળ અભ્યાસક્ષેત્રોમાં શ્રમ વિભાજન, માનવ દ્વારા પ્રાકૃતિક સંસાધનોનું શોષણ, વધુ પડતું ખનન, શહેરોની સમસ્યાઓ, જંગલો અને પ્રાણીઓનો વિનાશ, પ્રદૂષણ વગેરે બાબતોને પ્રાધાન્ય આપ્યું છે.

## 2. માનવ ભૂગોળના વિકાસની રૂપરેખા આપો.

- 15મી સદીના ઉત્તરાર્ધથી 18મી સદી સુધીના સમયગાળાને 'સંશોધન યુગ' કહેવામાં આવે છે. આ યુગ દરમિયાન નકશાના નિર્માણકાર્યનો વિકાસ થયો. શોધ પ્રવાસો દ્વારા વિશ્વના જુદા જુદા પ્રદેશોની માહિતી એકઠી કરવામાં આવી. ભૂગોળવેત્તાઓએ આ માહિતીને વૈજ્ઞાનિક ઢાંચામાં વર્ગીકૃત કરી, પરિણામે 'ભૂગોળ' વિષયનો જન્મ થયો.
- બનડ વરેનિયસે ભૂગોળના બે વિભાગ દર્શાવ્યા છે : (1) સામાન્ય ભૂગોળ અને (2) વિશિષ્ટ ભૂગોળ. સામાન્ય ભૂગોળમાં સમગ્ર પૃથ્વીને એક એકમ માનીને તેની લાક્ષણિકતાઓનો અભ્યાસ કરવામાં આવે છે, જ્યારે વિશિષ્ટ ભૂગોળમાં જુદા જુદા પ્રદેશો તથા માનવજીવન ઉપર ભાર મૂકવામાં આવે છે.
- 19મી સદીમાં ભૂપૃષ્ઠના અભ્યાસ ઉપર વધુ ભાર મૂકવામાં આવ્યો. તેમાંથી પ્રાકૃતિક ભૂગોળ તથા ભૂસ્વરૂપીય ભૂગોળ નામની શાખાઓ વિકાસ પામી, અન્ય શાખાઓને ઓછું મહત્ત્વ મળ્યું. તેની પ્રતિક્રિયારૂપે કેટલાક વિદ્વાનોએ માનવી અને પર્યાવરણ વચ્ચેના પારસ્પરિક સંબંધોનો અભ્યાસ શરૂ કર્યો. તેના ફળસ્વરૂપે 'માનવ ભૂગોળ' નામની શાખોનો ઉદ્ભવ થયો, માનવી તેના ભૌગોલિક વાતાવરણ સાથે અનુકૂલન સાધ છે.
- ઍલ્સવર્થ હટિંગ્ટને માનવ ભૂગોળની વ્યાખ્યા આપતાં કહ્યું છે : "ભૌગોલિક પર્યાવરણ તથા માનવીય ક્રિયાઓના પરસ્પર સંબંધોનો અભ્યાસ માનવ ભૂગોળમાં કરવામાં આવે છે. માનવ ભૂગોળના વિકાસમાં જીન બ્રુન્સ, બકલ, હમ્બોલ્ટ, રિટર, રેઢેલ, હંટિંગ્ટન વગેરે ભૂગોળવિદોએ મહત્ત્વનો ફાળો આપ્યો છે. માનવ ભૂગોળમાં માનવ સમાજ અને તેના પર્યાવરણ સાથેના આંતરસંબંધોને પ્રાધાન્ય આપવામાં આવ્યું છે. માનવીના ઘર તરીકે પૃથ્વીનો અભ્યાસ એ તેનું પ્રથમ પગથિયું છે. તેમાંથી અંતે માનવ ભૂગોળનો જન્મ થયો અને તેનો ક્રમશઃ વિકાસ થયો.

## 3. માનવ ભૂગોળ અભ્યાસના અભિગમો જણાવી, કોઈ એક અભિગમ વિશે માહિતી આપો.

- માનવ અને પર્યાવરણ વચ્ચેના સંબંધોની ચર્ચા માનવ ભૂગોળમાં કેન્દ્રસ્થાને છે. આ સંબંધોના વિશ્લેષણ માટે જુદા જુદા અભિગમો અપનાવવામાં આવ્યા છે. માનવ ભૂગોળના અભ્યાસના કેટલાક અભિગમો નીચે પ્રમાણે છે : (1) ઐતિહાસિક અભિગમ, (2) ક્ષેત્રીય વિશ્લેષણ અભિગમ, (3) પારિસ્થિતિકીય વિશ્લેષણ અભિગમ, (4) વર્તનલક્ષી અભિગમ અને (5) માનવકલ્યાણલક્ષી અભિગમ.
- માનવકલ્યાણલક્ષી અભિગમ : દ્વિતીય વિશ્વયુદ્ધ (1939 – 45) પછી માનવકલ્યાણ સાથે સંકળાયેલી નવી સમસ્યાઓ ઉદ્ભવી. આ સમસ્યાઓ સમજવા માટે નવા અભિગમો અપનાવવામાં આવ્યા. ફલતઃ માનવકલ્યાણલક્ષી અભિગમની નવી વિચારધારાનો જન્મ થયો.' આ અભિગમ ગરીબી, બેકારી, ભૂખમરો, દુષ્કાળ, યુદ્ધો, રંગભેદ, જાતિભેદ, વર્ગવિગ્રહો, પ્રદૂષણ, આતંકવાદ વગેરેને પ્રાકૃતિક પર્યાવરણના સંદર્ભમાં પ્રાદેશિક અભ્યાસ કરે છે. આ અભિગમ એવા પ્રકારની સામાજિકઆર્થિક વ્યવસ્થાઓ પર ભાર મૂકે છે કે જેના દ્વારા વિશ્વના તમામ નાગરિકોને વિશ્વના બધાં જ સંસાધનો પર સમાન અધિકાર અને નિયંત્રણ પ્રાપ્ત થાય. આ અભિગમનો મુખ્ય હેતુ સામાજિક ન્યાય(Social Justice)નો છે. માનવીને તેની પ્રાથમિક જરૂરિયાતો અન્ન, વસ્ત્ર, રહેઠાણ વગેરે સરળતાથી મળી રહે તો માનવકલ્યાણ સાધી શકાય તેમ છે.

4. માનવ ભૂગોળના અભ્યાસનાં ક્ષેત્રોમાં સમાવિષ્ટ મહત્ત્વનાં પાસાં જણાવો.

- માનવ ભૂગોળના અભ્યાસનાં ક્ષેત્રોમાં સમાવિષ્ટ મહત્ત્વનાં પાસાં નીચે પ્રમાણે છેઃમાનવીની ઉત્પત્તિ, તેની પ્રજાતિઓ, તેનું વિતરણ અને પૃથ્વી પર માનવ પ્રજાતિઓનું સ્થાયીકરણ.
- માનવ વસ્તીનું વિતરણ, વસ્તીગીચતા, વસ્તીવૃદ્ધિ, વસ્તીની વિશેષતાઓ અને માનવ વસ્તીનું સ્થળાંતરણ. છે માનવીની પ્રાથમિક, દ્વિતીયક, તૃતીય ક, ચતુર્થક અને પંચમ પ્રવૃત્તિઓ. ભૂમિસ્વરૂપો, વાતાવરણ, જમીન, વનસ્પતિ, જલાવરણ, ખનીજો વગેરે સાથે માનવીનો સંબંધ અને તેમની સાથેનું સમાયોજન. માનવ વસાહતો, ગ્રામીણ વસાહત પ્રણાલી, શહેરી વસાહત પ્રણાલી, વસાહતોની સમસ્યાઓ અને શહેરીકરણ.
- માનવીની આર્થિક પ્રવૃત્તિઓ શિકાર, પશુપાલન, કૃષિ, ઉદ્યોગો, પરિવહન, દૂરસંચાર અને વ્યાપાર. સામાજિક અને સાંસ્કૃતિ સંગઠનો. માનવીની સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ ભાષા, સાહિત્ય, શિલ્પ, સંગીત, ધર્મ, લોકસાહિત્ય, પરંપરાઓ, રીતરિવાજો વગેરે.
- ભવિષ્યના સંદર્ભમાં સંસાધનોની મૂલવણી અને સંરક્ષણ યોજનાઓ. માનવ દ્વારા પ્રાકૃતિક સંપદાઓનું શોષણ, વધુ પડતું ખનન, જંગલો અને પ્રાણીઓનો વિનાશ.' વૈશ્વિક સમસ્યાઓ ગરીબી, ભૂખમરો, પ્રદૂષણ, દુષ્કાળ, યુદ્ધો, રંગભેદ, વર્ગવિગ્રહો વગેરેનો પ્રાકૃતિક પર્યાવરણના સંદર્ભમાં પ્રાદેશિક અભ્યાસ.